*This Question Paper contains 8 printed pages.*
***(Sections - A, B, C & D)***

Sl.No.

# 01 (G)

**(MARCH, 2022)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 80***

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D તથા 1 થી 56 પ્રશ્નો છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

## વિભાગ – A(ગદ્ય) [20]

અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. [4]

| (અ) ગદ્ય કૃતિ | (બ) સાહિત્ય પ્રકાર |
|---|---|
| 1) ભૂલી ગયા પછી | (અ) લલિત નિબંધ |
| 2) ડાંગવનો અને... | (બ) ચરિત્ર નિબંધ |
| 3) હિમાલયમાં એક સાહસ | (ક) એકાંકી |
| 4) વિરલ વિભૂતિ | (ડ) પ્રવાસ નિબંધ |
| | (ઈ) હાસ્ય નિબંધ |



https://www.gujaratboardonline.com

**બ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[4]**

**5)** _____ ની સ્વસ્થતાનો શરીરની તંદુરસ્તી પર સીધો પ્રભાવ છે. (ધન, તન, મન)

**6)** નરેને _____ તાલીમ મેળવી હતી. (પોલીસની, વન રક્ષકની, પર્વતા રોહણની)

**7)** લેખકને _____ હરહંમેશ જંકૃત કર્યા છે. (નર્મદાએ, સાબરમતીએ, તાપીએ)

**8)** ગરીબોનું શોષણ કરનાર ચોપડાનો રંગ _____ હતો. (પીળો, લીલો, રાતો)

**ક) નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[2]**

**9)** શ્રીમદ્‌ને મન દેહ શેનું સાધન માત્ર હતું?

**10)** માતાયાન કયા ઘાટ ઉપર આવેલું હતું?

**ડ) નીચે આપેલ પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** **[4]**

**11)** ગોકુળમાં ઉજવાયેલા કૃષ્ણ જન્મોત્સવનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

**12)** રાજકોટ થી છત્રી લેવા જવાની વાત સૌને મૂર્ખાઈભરી લાગતી હતી કારણ કે .....

**13)** ડુંગરે તેની પત્ની પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતા શું કહ્યું?

**ઈ) નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (ગમે તે બે)** **[6]**

**14)** 'રેસનો ઘોડો' નવલિકાનાં આધારે બાળકના ઘડતરમાં અડચણ રૂપ બનતાં પરિબળોની ચર્ચા કરો.

**15)** જગતના તાત એવા ધરતી પુત્રની કરુણદશા નિહાળીને કાળુનું હૃદય કેમ દ્રવી ઊઠયું?

**16)** માનવ અને પ્રાણીની પરસ્પર પ્રીત 'ઘોડીની સ્વામી ભક્તિ' પાઠના આધારે વર્ણવો.



https://www.gujaratboardonline.com

## વિભાગ – B (પદ્ય) [20]

**અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** **[4]**

| (અ) પદ્ય કૃતિ | (બ) કર્તા |
|---|---|
| 17) વૈષ્ણવજન | (અ) જયંત પાઠક |
| 18) દિવસોજુદાઈના જાય છે | (બ) હરીન્દ્ર દવે |
| 19) વતનથી વિદાય થતાં | (ક) નરસિંહ મહેતા |
| 20) માધવને દીઠો છે ક્યાંય? | (ડ) વિનોદ જોશી |
| | (ઈ) 'ગની' દહીંવાલા |

**બ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[4]**

21) નરસિંહ મહેતાનાં પદ _____ તરીકે જાણીતા છે. (છપ્પા, પ્રભાતિયા, કાફી)

22) પાતાળમાં _____ પરખાય છે. (પ્રતિબિંબ, લીલ, હરિવર)

23) સમગ્ર વિશ્વ _____ નો આશ્રમ છે. (સંતો, પંખીઓ, જીવમાત્ર)

24) _____ બનવું દુર્લભ છે. (દેશ દીપક, કુલદીપક, વીર)

**ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[2]**

25) વતનની હદ પૂરી થતાં કોને પાછા જવાનું છે?

26) કવિ ક્યાં જવાની ના પાડે છે?

**ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** **[4]**

27) ગંગાસતી પાનબાઈને કેવી વ્યક્તિની સંગત કરવાનું કહે છે?

28) 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ આપણને શાંત રહેવાની શીખ શા માટે આપે છે?

29) 'સ્વર્ગની એકેક દેવીની ઝલકમાં દીકરીઃ છે સુખડ-ચંદન ને કુમકુમનાં તિલકમાં દીકરી.'.... કાવ્ય પંક્તિ સમજાવો.



https://www.gujaratboardonline.com

ઈ) **નીચે આપેલા પ્રશ્નોના આઠ-દશ વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (ગમે તે બે)** [6]

30) 'એક બપોરે' કાવ્યમાં વ્યક્ત થયેલી કવિ હૃદયની વેદના વર્ણવો.

31) 'હું એવો ગુજરાતી' કાવ્યમાં કવિ પોતે ગુજરાતી હોવાનું ગૌરવ કયાં-કયાં કારણોસર અનુભવે છે.

32) 'ચાંદલિયો' લોકગીતમાં આલેખાયેલું કુટુંબજીવનનાં સંબંધોનું મધુર ચિત્ર આલેખો.

## વિભાગ - C (વ્યાકરણ) [20]

• **માગ્યા પ્રમાણે ઉત્તર લખો:**

**આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

33) નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો. [1]

જીજ્ઞાસા (જીજ્ઞાષા, જીજ્ઞાશા, જિજ્ઞાસા)

ગીરિવર (ગિરિવર, ગીરીવર, ગિરીવર)

34) 'વિ + સમ' - શબ્દની સાચી સંધિ જોડો. [1]

(વિસમ, વિષમ, વિશમ)

35) 'ગૌરીવ્રત' શબ્દનો સમાસ ઓળખાવો. [1]

(દ્વંદ્વ, મધ્યમપદલોપી, દ્વિગુ)

36) બંને શબ્દના જોડણી ભેદે થતો અર્થભેદ જણાવો. [1]

1) સાજ (શણગાર, સાજન, સમય)

2) સાંજ (સંધ્યાકાળ, મધ્યકાળ, સવાર)



https://www.gujaratboardonline.com

37) 'સૂર્યમંદિરે ગુંજરતો હું ધવલ તેજનો ભૃંગ' – પંક્તિમાંના અલંકારનો પ્રકાર જણાવો.

(ઉત્પ્રેક્ષા અલંકાર, રૂપક અલંકાર, ઉપમા અલંકાર) [1]

38) 'અભિનંદન' શબ્દમાં ક્યો પ્રત્યય રહેલો છે? [1]

(પૂર્વ-પ્રત્યય, પર-પ્રત્યય, એકપણ પ્રત્યય નહિ)

39) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો. [1]

1) પુંજ (ધન, પુંજી, ઢગલો)

2) ઉર (ઉમંગ, હૃદય, આનંદ)

40) 'મયૂર' સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો. [1]

(વ્યક્તિવાચક સંજ્ઞા, દ્રવ્યવાચક સંજ્ઞા, સમૂહવાચક સંજ્ઞા)

• **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.**

41) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ જણાવો. [1]

નવે નેજા પડવાં.

42) નીચે આપેલ કહેવતનો અર્થ લખો. [1]

બાવાનાં બેય બગડવાં.

43) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. [1]

કુદરતનું સુંદર ધામ



https://www.gujaratboardonline.com

44) નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો. [1]

હરખ

45) નીચેના વાક્યને કર્મણિમાં ફેરવો. [1]

હિમાંશુએ ન બોલવાના સોગન ખાધા હતા.

46) નીચેના તળપદા શબ્દનું શિષ્ટ રૂપ લખો. [1]

ચડવ

47) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [1]

રિસાળ શિશુને બોલાવતી બા હતી !

48) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [1]

એકા એક ફગફગિયો દીવો બુઝાઈ ગયો.

49) 'ગર્ભદીપ' શબ્દના ધ્વનિ ઘટકો છૂટા પાડો. (સ્વર-વ્યંજન છૂટા પાડો) [1]

50) નીચેના વાક્યનું ભાવે વાક્યમાં રૂપાંતર કરો. [1]

વિશ્વરાજને હસવું આવ્યું.

51) નીચેની પંક્તિમાંનો છંદ ઓળખાવો. [1]

'તીરથી પામવા પક્ષી વ્યર્થ આ ક્રૂરતા મથે;
તીરથી પક્ષી તો ના ના કિન્તુ સ્થૂલ મળી શકે.'

52) 'મ ભ ન ત ત ગા ગા' કયા છંદનું બંધારણ છે? [1]



https://www.gujaratboardonline.com

## વિભાગ – D (લેખન) [20]

**53) નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો. [4]**

'જે શોર્યમાં કોમળતા સમાઈ, તેને જ સાચું પુરુષત્વ માન્યું,
દ્રવન્ત લોખંડનું ખડ્ગ થાય, પાષાણનું ખડ્ગનથી ઘડાતું.'

અથવા

'અક્કલ ઉધારે ના મળે, હેત ન હાટ વેચાય,
રૂપ ઉછીનું ના મળે, પ્રીત પરાણે ન થાય.'

54) તમારી શાળામાં પ્રજાસતાકદિને શોર્યગીત સ્પર્ધાનું આયોજન થયું હતું તે અંગેનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. [4]

**55) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [4]**

''આપણી ફરિયાદો પાર વિનાની છે. સરકાર સામે, કુટુંબજીવન સામે, ફરિયાદોની મોટી વણઝાર આપણી પાસે હોય છે. પરંતુ એક વાત આપણે સમજી લેવી જોઈએ કે સારો સમાજ, સારું કુટુંબજીવન, સારું લગ્નજીવન એ કોઈ બજારમાં વેચાતી રેડીમેઈડ ચીજો નથી. સારા મકાનની જેમ એનું પણ આપણે ચણતર કરવું પડે છે. એટલું જ નહીં એ ચણતર લગભગ દરરોજ જીવનની પ્રત્યેક ક્ષણે કરવું પડે છે. સારો બગીચો બનાવવા માટે ઘાસ અને જાળાં ઝાંખરા આપણે દૂર કરીએ છીએ. જીવનનો બગીચો ખીલવવા માટે પણ બીજાના એવા ગુણોને બાજુ પર રાખી દઈને એમના ગુણોને પ્રશંસાના જળનો થોડો છંટકાવ કરી લેવો જોઈએ.''

–મોહમ્મદ માંકડ



https://www.gujaratboardonline.com

56) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાને આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [8]

- હું માનવી માનવ થાઉં તો ઘણું.

  મુદ્દા :- પ્રસ્તાવના – વિશ્વની આજની સ્થિતિ – માનવી ઈચ્છાઓનું પોટલું – સામાન્ય માનવીની સ્થિતિ – વિશ્વ માનવીની ભાવના – વિશ્વમાનવીનો વ્યવહાર – ઉપસંહાર.

અથવા

- ફરી બનવા ચાહું હું, પ્રભુ ! બાળ નાનું.

  મુદ્દા :- પ્રસ્તાવના – વડીલોના વહાલનું પાત્ર – શૈશવની નિર્દોષ નિખાલસ અને સરળ સૃષ્ટિ – બાળ મંદિરના સંસ્મરણો – શાળા જીવનનાં સંસ્મરણો – બાળ દોસ્તો સાથે કરેલા તોફાનો – હાઈસ્કૂલનું શિસ્ત બદ્ધ વાતાવરણ – વિષય નિષ્ણાત શિક્ષકો – રજાઓના સંસ્મરણો – ઉપસંહાર.

અથવા

- કન્યા વિદાયઃ એક કરુણ – મંગલ પ્રસંગ

  મુદ્દા :- પ્રસ્તાવના – કન્યાનો મહિમા – લગ્નની વૈદિક પ્રથા – પિતાને વહાલી દીકરી – કન્યાની મનોદશા – સ્વજનોની દ્વિધાજનક હાલત – મંગલ છતાં કરુણ પ્રસંગ – ઉપસંહાર.

♠♠♠♠

https://www.gujaratboardonline.com
Whatsapp @ 9300930012
Send your old paper & get 10/-
अपने पुराने पेपर्स भेजे और 10 रुपये पायें,
Paytm or Google Pay से



https://www.gujaratboardonline.com